PARAM COMMUNITY SCIENCE CENTRE

RUN BY : TAPOVAN SANSKAR KENDRA, ZADESHWAR

SUPPORTED BY: GUJARAT COUNCIL ON SCIENCE & TECHNOLOGY DST GANDHINAGAR

# MEDIA RELEASE 2019

## ભરૂચના લોકવિજ્ઞાન કેન્દ્ર ગણિત-વિજ્ઞાન-પર્યાવરણનું પ્રદર્શન યોજાયું

ભરૂચ ખાતે લોકવિજ્ઞાન કેન્દ્ર તથા જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજિત ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનમાં કુલ 27 શાળાઓની વિવિધ કૃતિઓ રજૂ થઈ હતી. જેમાં બી.એચ.પંડયા સ્કૂલ,ઝાડેશ્વરની પ્રકાશ અંગેની સમજ કૃતિને પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું હતું. જેમાં ધોરણ-7 ના કૃપા રાજેશ રાવળ અને મંથન મનોજ સોનીએ સુંદર રીતે રજૂઆતો કરી હતી. પ્રદર્શનની કૃતિઓ તૈયાર કરાવનાર શિક્ષકો અલ્પા દિનેશ જાંબુ અને હિનલ પ્રતાબ પ્રજાપતિ તથા વિદ્યાર્થીઓને શાળા પરિવાર મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી.

Scanned with CamScanner

# ભરૂચની શ્રવણ વિદ્યાધામમાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



ભરૂચની શ્રવણ સ્કૂલમાં વૈવિધ્યપૂર્ણ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. લિંક રોડ પર આવેલી શ્રવણ વિધાધામમાં મહાન ગણિતશાસ્ત્રી રામાનુજની જન્મ જયંતિ નિમિત્તે વિવિધતાપૂર્ણ ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. યોજાયેલા પ્રદર્શનમાં કુલ ૧૫૬ કૃત્યો દર્શાવવામાં આવી હતી. જેમાં શાળાના ધોરણ 4 થી 12 ના 520 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જુદા જુદા વિભાગો ઉર્જા સ્વાસ્થ્ય, હવા, પાણીનું પ્રદૂષણ વૈદિક શાસ્ત્ર, પાણીનો સંગ્રહ, ખેતી, સિંચાઈ વગેરે જેવા વિભાગો આધારિત પ્રોજેક્ટ બનાવ્યા હતા. પરમ લોકવિજ્ઞાન કેન્દ્ર ભરૂચ તરફથી પણ પાંચ પ્રોજેક્ટ રજૂ થયા હતા. કાર્યક્રમના ઉદઘાટક તરીકે એગ્રીકલ્ચર કોલેજના ડિન ડો. કે. જી. પટેલ, મુખ્ય મહેમાન તરીકે સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ મેઘમણીના મગન હનીયા હજાર રહીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

Scanned with CamScanner

# રહાડપોર રોયલ સ્કૂલમાં શાળા કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો

પાલેજ

ભરૂચ તાલુકાના રહાડપોર ગામમા આવેલી ધી રંગુનવાલા એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત ધી રોયલ સ્કુલમાં શાળા કક્ષાના વિજ્ઞાન મેળાનું આયોજન કરાયુ હતુ. વર્તમાન સમયમાં ભારત દેશ જયારે દરેક ક્ષેત્રમાં વિકાસની હરણફાળ ભરી રહ્યો છે ત્યારે વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારત વિશ્વના અન્ય દેશો સાથે ખભેખભા મિલાવી ઉભુ રહે તે માટે ભારતના ભાવિ સમાન વિદ્યાર્થીઓ વિજ્ઞાનના વિષયમાં રસ કેળવે તે જરૂરી થઈ ગયુ છે. આવા ઉમદા હેતુ સાથે શાળામાં વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આયોજીત વિજ્ઞાન મેળામાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગના છાત્રો દ્વારા પચાસ જેટલી કૃતિઓ તૈયાર કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે અતિથિ વિશેષ રંગુનવાલા ટ્રસ્ટના ચેરપર્સન ઐયુબ રંગુનવાલા તેમજ પરમ લોક વિજ્ઞાન કેન્દ્રના કો.ઓ. કેશાબેન પ્રજાપતિ દ્વારા રિબિન કાપી વિજ્ઞાન પ્રદર્શનને ખુલ્લુ મુકાયુ હતુ. આયોજીત વિજ્ઞાન પ્રદર્શનમાં કૃતિઓ તૈયાર કરવામાં શાળાના વિજ્ઞાનના શિક્ષિકાઓ અમીનાબેન ભાઈજી તેમજ રેહાનાબેન ટેલરે છાત્રોને સુંદર માર્ગદર્શન પુરૂ પાડયુ હતુ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય તેમજ શિક્ષકગણે જહેમત ઉઠાવી હતી.



CS CamScanner

# ભરૂચમાં રૂરલ આઇટી ક્વિઝનું આયોજન

ભરૂચ | ભરૂચના ગુજકોસ્ટ સંલગ્ન પરમ લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા રૂરલ આઈટી ક્વિઝનું 21મી ઓગષ્ટના રોજ આયોજન કરાયું છે. નિલકંઠેશ્વર મંદિર રોડ પર આવેલાં તપોવન સંકુલ ખાતે સવારે 10.30 કલાકે યોજાનાર સ્પર્ધામાં ધો. 8થી 12ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. તેમજ એક શાળામાં વધુમાં વધુ 10 ટીમ ભાગ લઈ શકશે. જેથી આગામી 18મી સુધીમાં પરમ લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે નોંધણી કરવા જણાવાયું છે.

Scanned with CamScanner

# ભરૂચમાં રૂરલ આઇટી ક્વિઝ સ્પર્ધા યોજાઇ

ભરૂચ | ભરૂચ જિલ્લાકક્ષાની નેશનલ રૂરલ આઈટી ક્વિઝની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં 21 શાળાની 54 ટીમોએ ભાગ લીધો હતો. જેમાં એમિટી સ્કૂલની 16 ટીમો પૈકી કુલદિપ કે. ગોહિલ અને જૈમિન એમ. વશીની એક ટીમ તેમજ શિવમ જે. યાદવ અને દેવ યુ. રાણાની ટીમ આગામી 6 સપ્ટેમ્બરે ગાંધીનગર ખાતે યોજાનારી રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો.

CS Scanned with CamScanner

# રૂરલ IT ક્વિઝમાં ૨૬૦ છાત્રોએ ભાગ લીધો

ગુજકોસ્ટ સંલગ્ન પરમ લોક વિજ્ઞાન કેન્દ્ર, જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા.૨૧-૮-૧૬ ને મંગળવારે રૂરલ આઈ.ટી.કવીઝનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમા જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની શાળાનાં વિદ્યાર્થીઓએ બે-બે ના જૂથમાં રહી કોમ્પ્યુટર અને આઈ.ટી.ને લગતા વિવિધ પ્રશ્નોના કવીઝ સ્વરૂપે ઉત્તરો આપ્યા હતા. સમગ્ર જિલ્લામાંથી ૧૦૮ ટીમ અને કુલ ૨૧૬ વિદ્યાર્થીઓએ આ કવીઝમાં ભાગ લીધો હતો. આ કવીઝમાં ૧૦ ટીમો વિજેતા જાહેર કરવામાં આવી. વિજેતા ટીમોને જિલ્લા લોકવિજ્ઞાન તરફથી પારિતોષિક, પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતાં. આ ૧૦ ટીમો તા.૬ સપ્ટેમ્બરે રાજયકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે જે માટે પરમ લોક વિજ્ઞાન કેન્દ્ર તરફથી શુભેચ્છા પાઠવવામાં આવે છે. કાર્યક્રમનું સંચાલન જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્રના કો.ઓર્ડિનેટર કેશા પ્રજાપતિએ કર્યું હતુ.

Scanned with CamScanner

# ભરૂચમાં નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો



પરમ લોક વિજ્ઞાન કેન્દ્રના ઉપક્રમે નેશનલ સાયન્સ સેમીનારનું આયોજન કરાયું હતું. ચોથી ઔદ્યોગિક ક્રાંતિ માટે શું આપણે તૈયા છીએ વિષય પર મંતવ્યો રજૂ કર્યા હતાં. એમીટી સ્કુલની ધો.10ની છાત્રા અસ્મિતા જાદવ પ્રથમ અને રૂંગટા સ્કુલની ધો.10ની છાત્રા શ્રેયા રાણા બીજા ક્રમે વિજેતા બની હતી.

# વિજ્ઞાન શિક્ષકો માટે ૩ ઓગષ્ટે મોટીવેટર્સ મિટિંગ

ભરૂચ : ગુજરાત કાઉન્સિલ સાયન્સ એન્ડ ટેકનોલોજી સંલગ્ન જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર પરમ લોકવિજ્ઞાન કેન્દ્ર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભરૂચના સંયુકત ઉપક્રમે વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓના પ્રચાર-પ્રસાર અને વર્ષ દરમિયાન કરવામાં આવનાર કાર્યક્રમોની ચર્ચા માટે ભરૂચ શહેર અને જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળઓના વિજ્ઞાન શિક્ષકોની મોટીવેટર્સ મીટીંગ તથા ૩ ઓગષ્ટ ૨૦૧૯ ને શનિવારના રોજ બપોરે ૧૧.૩૦ કલાકે તપોવન સંકુલ નિલકંઠેશ્વર મહાદવે રોડ, ઝાડેશ્વર ખાતે રાખવામાં આવી છે. જેમાં ભરૂચ જિલ્લાની તમામ શાળાના વિજ્ઞાન શિક્ષકને ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી છે. આવનાર શિક્ષકે પોતાનું રજીસ્ટ્રેશન કો. ઓર્ડિનેટર કેશા પ્રજાપતિ તથા ઈમેલ આઈ.ડી.પર કરવાનું રહેશે.

Scanned with CamScanner

# ભરૂચમાં નેશનલ સાયન્ય સેમિનાર યોજાશે

ગુજકોસ્ટ સંલગ્ન પરમ લોક વિજ્ઞાન કેન્દ્રના ઉપક્રમે 26મીએ નેશનલ સાયન્સ સેમીનારનું આયોજન કરાયું છે. સવારે 10 કલાકે આયોજીત સેમીનારનો વિષય ઔદ્યોગિક ક્રાંતિ 4.0 : શું આપણે તૈયાર છીએ રાખવામાં આવ્યો છે. આ સેમીનારમાં ધોરણ 8 થી 10ના વિદ્યાર્થિઓ ભાગ લઇ શકશે. વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શક શિક્ષકોએ પોતાની એન્ટ્રી 24મી સુધીમાં મોકલી આપવા પરમ લોક વિજ્ઞાન કેન્દ્રની યાદીમાં જણાવાયું છે.

Scanned with CamScanner